પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૪૯ | ૨ માર્ચ, ૨૦૨૦, સોમવાર; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગેસ સિલિન્ડરમાં ૫૬ રૂપિયાનો ઘટાડો

**સબસિડી વિનાના ગેસ સિલિન્ડર કિંમતોમાં અંતે નોંધપાત્ર ઘટાડો થતાં સામાન્ય લોકોને મોંઘવારી વચ્ચે થયેલી રાહત : છ મહિનામાં પ્રથમવાર કિંમતોમાં ઘટાડો કરાયો**



નવીદિલ્હી, તા. ૧

સબસિડી વગરના એલપીજી સિલિન્ડરની કિંમતમાં આખરે ઘટાડો કરવામાં આવ્યો છે. આની સાથે જ છ મહિનાના ગાળા બાદ લોકોને આખરે રાહત થઈ છે. સતત છ મહિના સુધી ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો થયા બાદ હવે ઘટાડો થયો છે. મહાનગરમાં ગેસ સિલિન્ડરની કિંમત ૫૬ રૂપિયા સુધી ઘટી છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિના બાદથી મોંઘવારીના દોર વચ્ચે ગેસ સિલિન્ડરની કિંમતમાં સતત વધારો કરવામાં આવી રહ્યો હતો. ૧૨મી ફેબ્રુઆરીના દિવસે ગેસ સિલિન્ડરની કિંમતમાં એકાએક ૧૪૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો જેને લઈને જોરદાર હોબાળો થઈ ગયો હતો. હવે આખરે લોકોને રાહત આપવામાં આવી છે. ઓગસ્ટ ૨૦૧૯ બાદ ગેસ સિલિન્ડરની કિંમતમાં પ્રથમ વખત ઘટાડો કરવામાં આવ્યો છે. ઓગસ્ટ ૨૦૧૯થી જાન્યુઆરી ૨૦૨૦ના ગાળામાં સતત છ વખત કિંમતો વધારવામાં આવી હતી જેના લીધે ગેસ સિલિન્ડરની કિંમતમાં ઉલ્લેખનીયરીતે વધારો થયો હતો.

## હજુ શેરબજાર વધુ એક વખત હચમચી ઉઠે તેવા સ્પષ્ટ સંકેત

**જીડીપી ડેટા, એસબીઆઈ કાર્ડ આઈપીઓ બજારની દિશા નક્કી કરશે : કારોબારીઓ સાવધાન : શ્રેણીબદ્ધ નકારાત્મક પરિબળો ફેલાયા**

મુંબઈ, તા.૧

કોરોના વાયરસના કારણે દુનિયાભરના દેશોમાં ભારે હાહાકાર મચેલો છે ત્યારે આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં કોરોના વાયરસની માઠી અસર જોવા મળે તેવી શક્યતા છે. સાથે સાથે શેરબજારમાં હાલ ભારે અફડાતફડી રહી શકે છે. કોરોના વાયરસે સપ્તાહમાં સમગ્ર દુનિયાના રોકાણકારોમાં તબાહી મચાવી દીધી છે. દુનિયાભરના ૫૦૦ અબજોપતિઓની સંપત્તિ ૪૪૪ અબજ ડોલર સુધી ઘટી ગઈ છે. શુક્રવારના દિવસે શેરબજારમાં સેંસેક્સે તેના ઈતિહાસમાં બીજો સૌથી મોટો ઘટાડો કર્યો હતો એ દિવસે સેંસેક્સમાં ૧૪૪૮ પોઈન્ટનો ઘટાડો થયો હતો જેથી એક જ દિવસમાં કારોબારીઓએ લાખો કરોડો રૂપિયા ગુમાવી દીધા હતા. અમેરિકી શેર માર્કેટ ડાઉજોન્સમાં આ સપ્તાહમાં આશરે ૧૨ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. ૨૦૦૮માં આવેલી મંદી બાદ આ સૌથી મોટો ઘટાડો થયો છે. બજાર સાથે જોડાયેલા નિષ્ણાતો માની રહ્યા છે કે, આવતીકાલે જ્યારે કારોબાર ખુલશે ત્યારે જોરદાર



અફડાતફડી રહી શકે છે. બીએસઈના ૫૦૦ પૈકી ૪૭૦ શેર છેલ્લા દિવસે નકારાત્મક માહોલમાં બંધ થયા હતા. ત્રીજા ત્રિમાસિક માટેના ગ્રોથરેટમાં નજીવો સુધારો થયો છે. શેરબજારમાં બજારની ચાલ શું રહેશે તે બાબત પાંચ પરિબળો ઉપર આધારિત છે.

## દિલ્હીમાં નાળામાંથી વધુ ત્રણ મૃતદેહ મળ્યા

**અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે હિંસાગ્રસ્ત વિસ્તારોમાં શાંતિ : શાંતિ જાળવી રાખવા શ્રેણીબદ્ધ પગલાઓ સ્થાનિકો સાથે વાતચીત : તોફાની તત્વોને પકડી પાડવા વ્યાપક દરોડા : જનજીવન સામાન્ય બનાવવાના પ્રયાસો**

નવી દિલ્હી, તા.૧

નાગરિક સુધારા કાનૂનના સમર્થન અને વિરોધમાં થયેલા પ્રદર્શન દરમિયાન ભડકેલી કોમી હિંસામાં દિલ્હીમાં મોતનો આંકડો ચિંતાજનકરીતે વધી રહ્યો છે. આજે દિલ્હી પોલીસને વધુ ત્રણ મૃતદેહ હાથ લાગ્યા હતા. આની સાથે જ મોતનો આંકડો વધીને હવે ૪૫ ઉપર પહોંચી ગયો છે. ગંદા નાળામાંથી વિકૃત હાલતમાં વધુ ત્રણ મૃતદેહ આજે મળી આવ્યા હતા. આની સાથે જ મોતનો આંકડો ૪૫ ઉપર પહોંચ્યો હતો. બીજી બાજુ દિલ્હીમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે તમામ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં જનજીવન ધીમે ધીમે સામાન્ય બની રહ્યું છે. સ્થિતિને સામાન્ય બનાવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં પરિસ્થિતિ શાંતિપૂર્ણ રહી છે પરંતુ અજંપાભરેલી બનેલી છે. કોમી એકતા જાળવી રાખવા માટે એકબાજુ સ્થાનિક નેતાઓ સાથે સુરક્ષા દળો દ્વારા નિયમિત વાતચીત કરવામાં આવી રહી છે. બીજી બાજુ તોફાની તત્વોને પકડી પાડવા વ્યાપક દરોડાનો દોર ચાલી રહ્યો છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓના કહેવા મુજબ ઉત્તરપૂર્વીય જિલ્લાના તમામ વિસ્તારોમાં વધારાના સુરક્ષા જવાનો ગોઠવવામાં આવ્યા છે. લોકલ લોકો સાથે વાતચીત ચાલી રહી છે. લોકોમાં વિશ્વાસ જગાવવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ શોધખોળ કામગીરી દરમિયાન ગોકુલપુરીના નાળામાંથી એક મૃતદેહ મળી આવ્યો હતો જ્યારે ભાગીરથી વિહારના નાળામાંથી બીજા બે મૃતદેહ મળી આવ્યા છે. આ મૃતકોની હજુ સુધી ઓળખ કરવામાં આવી નથી.

## દિલ્હી રમખાણોમાં સ્લીપર સેલની સંડોવણીની આશંકા

**અમેરિકી પ્રમુખની યાત્રા વેળા જ હિંસા ફેલાવાઈ : વિવિધ એંગલથી દિલ્હી રમખાણ મામલે તપાસ : બોંબની અફવા ફેલાવનાર શખ્સ પકડાયો : કિશન રેડ્ડીનું નિવેદન**

નવી દિલ્હી,તા.૧

દિલ્હીમાં કોમી રમખાણના મામલામાં જુદા જુદા એંગલથી તપાસ કરવામાં આવી રહી છે. કોઈ આતંકવાદી સંગઠનોના સ્લીપર સેલ આમા સક્રિય છે કે કેમ તે એંગલથી પણ તપાસ કરવામાં આવી રહી છે. કારણ કે, બીજી બાજુ નવીદિલ્હીથી ડિબ્રુગઢ જતી સુપરફાસ્ટ રાજધાની એક્સપ્રેસમાં પાંચ બોંબ હોવાની અફવા ફેલાવનાર શખ્સને આગરામાં પકડી પાડવામાં આવ્યો છે. આ શખ્સની ઓળખ સંજીવસિંહ ગુર્જર તરીકે હોવાનું જાણવા મળ્યું છે. વહીવટીતંત્રમાં અહેવાલ ખળભળાટ મચી ગયો હતો. યુટ્યુબ લિંકથી ઝીઆરપીની ટીમ આરોપી શખ્સ સુધી પહોંચી હતી.

બીજી બાજુ મોદી સરકાર તરફથી ગૃહરાજ્યમંત્રી જી કિશન રેડ્ડીએ નિવેદન જારી કર્યું છે. રેડ્ડીએ હિંસા માટે રાજકીય પક્ષો, સોશિયલ મિડિયાને પણ જવાબદાર ઠેરવ્યા છે. રેડ્ડીએ ફરી ખાતરી આપતા કહ્યું છે કે, સુધારેલા નાગરિક કાનૂનથી કોઈની નાગરિકતા જનાર નથી. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ૩૬ કલાક ભારતમાં ત્યારે હિંસા અંતિમ ચરણ પણ હતી. તેમના ગયાના તરત પછી હિંસા ધીમે ધીમે ઓછી થવા લાગી હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે, પ્રારંભિક તપાસમાં મોટા આંતરરાષ્ટ્રીય કાવતરાના સંકેત મળ્યા છે. એવામાં તપાસ એનઆઈએને સોંપવામાં આવશે. જો કે, ગૃહમંત્રાલયે આ અંગેની પુષ્ટી કરી નથી. એનઆઈએ આતંકવાદના મામલાઓની તપાસ કરે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, હિંસાગ્રસ્ત વિસ્તારોમાં આતંકીઓના સ્લીપર સેલ હતા. ટ્રમ્પની યાત્રા દરમિયાન તેમને સક્રિય કરવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ...તો ઘરમાં ઘૂસીને મારીશું : અમિત શાહ

**યુદ્ધ બહાદુરીથી જીતવામાં આવે છે ઉપકરણોથી નહીં, અમેરિકા-ઈઝરાયલ બાદ હવે ભારતનું નામ પણ ઘરમાં ઘૂસીને મારનારા દેશોમાં સામેલ થઈ ગયું છે : ગૃહમંત્રીએ કોલકાત્તામાં એનએસજીની નવી ઓફિસનું ઉદ્ઘાટન કર્યું**

કોલકાત્તા,તા.૧

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકત્તામાં ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડની નવી ઓફિસનું ઉદ્ઘાટન કર્યું. આ દરમ્યાન ગૃહમંત્રીએ કહ્યું કે અમે દુનિયામાં શાંતિ ઈચ્છીએ છીએ. હુમલો કરનાર પોતાના મોત નક્કી કરીને આવે છે. ભારત ઉપર હુમલો થશે તો ઘરમાં ઘૂસીને મારીશું. આ દરમ્યાન તેમણે સર્જીકલ સ્ટ્રાઈકની તરફ ઈશારો કરતાં કહ્યું કે અમેરિકા-ઈઝરાયલ ઘરમાં ઘૂસીને મારતા હતા. હવે ભારતનું નામ પણ હવે ઘરમાં ઘૂસીને મારનાઓમાં સામેલ થઈ ગયું છે.

અમિત શાહે કહ્યું કે પાંચ વર્ષની અંજર એનએસજીએ ભારત સરકાર પાસેથી જે અપેક્ષાઓ રાખી છે, તે તમામની તમામ અપેક્ષાઓ પૂર્તિ પીએમ





મોદીના નેતૃત્વમાં ભારત સરકારને સુનિશ્ચિત રીતે કરશે. એનએસજીના જવાનો ઓછામાં ઓછા ૧૦૦ દિવસ પરિવાર સાથે રહી શકે તેનું મોડ્યુઅલ પણ તૈયાર થઈ ચુક્યું છે.

શાહે કહ્યું કે આજે મારા માટે ખૂબ જ ગૌરવ અને હર્ષનો વિષય છે કે એનએસજી માટે જે રીતે સુવિધા તેમને નિશ્ચિત થઈને કામ કરવા જોઈએ, એ સુવિધા પૂરી પાડવામાં આજે એક પગલું આગળ વધી રહ્યા છીએ. એક સાથે લગભગ ૨૪૫ કરોડ રૂપિયાની અલગ-અલગ યોજનાઓનું લોકાર્પણ અને ભૂમિપૂજન થયું છે. તેમણે કહ્યું કે એનએસજીએ પોતાની સ્થાપનાથી આજ સુધી પોતાના જવાનોના સર્વોચ્ચ બલિદાનથી માત્ર સરકાર જ નહીં પરંતુ દેશ અને દુનિયામાં અને ખાસ કરીને ભારતીય જનતામાં એક ભરોસો ઉભો કરવામાં મોટી સફળતા પ્રાપ્ત કરી છે. એનએસજીએ પોતાની સ્થાપનાથી લઈને આજ સુધી પોતાના જવાનોના સર્વોચ્ચ બલિદાનથી ન ફક્ત સરકાર પરંતુ દેશ અને દુનિયામાં અને ખાસ

● અનુસંધાન પાન-૭ પર

## સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો તોફાની બની શકે છે

**સીએએ હિંસા, શાહીનબાગ અને દિલ્હીમાં કોમી રમખાણો સહિત મુદ્દાઓ ચર્ચાશે**

નવી દિલ્હી, તા.૧

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આવતીકાલથી શરૂ થઈ રહ્યો છે જે તોફાની બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. દિલ્હીમાં વ્યાપક હિંસા, શાહીનબાગમાં વિરોધ પ્રદર્શન, દેશના જુદા જુદા ભાગોમાં હિંસા સહિતના મુદ્દા ઉપર જોરદાર સામ સામે આક્ષેપબાજીનો દોર ચાલે તેવી સંભાવના છે. આવતીકાલે બીજા તબક્કાની શરૂઆત થયા બાદ બીજી એપ્રિલ સુધી ચાલનાર છે. ટૂંકી રજાઓ પણ આવનાર છે. બજેટ સત્ર દરમિયાન આર્થિક મંદી અને નાગરિક સુધારા કાનૂનને લઈને દેશના જુદા જુદા ભાગોમાં વિરોધ પ્રદર્શન અને હિંસાના મુદ્દા પણ છવાશે. મુખ્ય ધ્યાન સીએએ પર કેન્દ્રીત રહેશે. મળેલી માહિતી મુજબ કોંગ્રેસ અને અન્ય સાથી પક્ષો સીએએને લઈને ધાંધલ ધમાલ મચાવે તેવી શક્યતા છે. બજેટ સત્રના પ્રથમ તબક્કા દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારામને પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કર્યું હતું. અધિકારીઓના કહેવા મુજબ અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાના સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવામાં આવી શકે છે. સરકર દ્વારા હાલમાં શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા હોવ છતાં આર્થિક સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થઈ રહ્યો નથી. મોંઘવારી પણ વધી રહી છે. આ મુદ્દાઓ ઉચ્ચે સીએએને લઈને દેશના વિવિધ વિસ્તારોમાં વ્યાપક હિંસાનો મુદ્દો પણ મુખ્યરીતે છવાશે. દિલ્હીમાં સીએએને લઈ વિરોધ પ્રદર્શન દરમિયાન કોમી રખામણો થઈ ચુક્યા છે.

## ચીનમાં ૨૪ કલાકમાં જ વધુ ૭૫ના મોતથી જોરદાર ફફડાટ

**કોરોના વાયરસથી ચીનમાં મૃતાંક વધીને ૨,૮૭૦ થયો : કોરોના વાયરસને રોકવાના તમામ પ્રયાસો છતાંય વિશ્વના ૬૪ દેશોમાં કોરોના વાયરસનો સકંજો**

બેજિંગ,તા. ૧

કોરોના વાયરસને કાબુમાં લેવા માટે દુનિયાના દેશો દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવા છતાં હજુ સુધી સ્થિતી બેકાબુ બનેલી છે. એકલા ચીનમાં કોરોના વાયરસના કારણે વધુ ૭૫ લોકોના મોત થયા છે. આ ૭૫ લોકોના મોતની સાથે જ ચીનમાં મોતનો આંકડો વધીને ૨૮૭૦ સુધી પહોંચી ગયો છે. ચીનમાં કુલ કેસોની સંખ્યા વધીને ૭૯૮૨૭ ઉપર પહોંચી ગઈ છે. ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૫૭૬ કેસો સપાટી પર આવ્યા છે. ચીનમાં ગંભીર રહેલા લોકોની સંખ્યા ૭૩૬૫ સુધી પહોંચી ગયો છે. વિશ્વના દેશોમાં કુલ મોતનો આંકડો ૨૯૭૯ સુધી પહોંચી ગયો છે. જ્યારે વિશ્વના ૬૪ દેશોમાં કુલ કેસોની સંખ્યા ૮૬૯૯૩ સુધી પહોંચી ગઈ છે. વિશ્વના દેશોમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૪૨૫૫૬ સુધી પહોંચી ગઈ છે. કોરોના વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે.

### અમેરિકામાં કોરોના વાયરસથી પ્રથમ મોત

**અમેરિકાએ નાગરિકોને સાઉથ કોરિયા અને ઈટલીની મુસાફરી ન કરવાની સલાહ આપી**

આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોનાવાયરસથી બચવાના હેતુથી આયોજિત કરવામાં આવેલા કાર્યક્રમમાં પત્રકારોને કહ્યું કે કોરોનાવાયરસના ખતરાને જોતા અમે દક્ષિણ સીમા(મેક્સિકો)ને બંધ કરવા પર વિચાર કરી રહ્યાં છે. અમેરિકાના સ્વાસ્થ્ય વિભાગના દર્દીનું મોત થવાના મામલા પર તેમણે કહ્યું- મહિલાનું મોત થયું તે ખુબ જ ખરાબ બાબત છે. તે એક શાનદાર મહિલા હતી. મેડિકલ ફેઝમાં તે રિસ્ક પર હતી. જોકે કોઈએ પણ ચિંતા કરવાની જરૂર નથી. આપણે કોઈ પણ સ્થિતિ સામે લડવા તૈયાર છીએ. જો તમે સ્વસ્થ છો તો તમારે માત્ર એક પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પછીથી તમારે કોઈ ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

## વડાપ્રધાન મોદી બાંગ્લાદેશના પ્રવાસે જાય તેવી પ્રબળ શક્યતા

ન્યુ દિલ્હી,તા.૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૬-૧૮ માર્ચના રોજ બાંગ્લાદેશનો પ્રવાસ કરી શકે છે. આ પ્રવાસ પર પ્રધાનમંત્રી બાંગ્લાદેશના પીએમ શેખ હસીના સાથે મહત્વપૂર્ણ વાતચીત કરી શકે છે.

સૂત્રોના હવાલાથી જાણકારી આપી છે કે પ્રધાનમંત્રી મોદી આ પ્રવાસમાં પ્રધાનમંત્રી શેખ હસીના સાથે આધિકારિક વાતચીતમાં ઘણા મામલા પર દ્વિપક્ષીય વાર્તા થઈ શકે છે. પીએમ મોદી પોતાની ત્રણ દિવસીય બાંગ્લાદેશની યાત્રા માટે ૧૬ માર્ચે બાંગ્લાદેશ પહોંચશે. ૧૭ માર્ચે પીએમ મોદી શેખ મુજીબુર રહમાનની જન્મતિથિ પર આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225